રજા પ્રવાસ રાહત....

<u>પોતાની કાર/ખાનગી ટેક્ષી દ્વારા પ્રવાસ કરવા બાબત.</u>

ગુજરાત સરકાર

નાણા વિભાગ

ઠરાવ ક્રમાંક : મસભ-૧૦૯૯-૫૪૪-ચ

સચિવાલય, ગાંધીનગર

તારીખ : ૭, જુલાઇ, ૧૯૯૯

વંચાણે લીધા : ૧) નાણા વિભાગ ઠરાવ ક્રમાંક : મસભ-૧૦૮૦-૨૫૫૮-જ, તારીખ : ૫૭-૨-૮૧

૨) નાણા વિભાગ ઠરાવ ક્રમાંક : મસભ-૧૦૯૧-૨૪૨-જ, તારીખ : ૧૦-૨-૯૧.

૩) નાણા વિભાગ ઠરાવ ક્રમાંક : પીજીઆર-૧૦૯૮-૪૯-મ, તારીખ : ૧૬-૯-૯૮

૪) નાણા વિભાગ ઠરાવ ક્રમાંક : મસભ-૧૦૯૯-૩૨૪-જ, તારીખ : ૨૧-૪-૯૯

# ઠરાવ

પ્રસ્તાવનામાં નિર્દિષ્ટ ક્રમાંક :(૪) આગળના ઠરાવથી રજા પ્રવાસ રાહત હેઠળની મુસાફરી માટેની પાત્રતા નક્કી થયેલ છે. સદર ઠરાવની જોગવાઇ મુજબ રજા પ્રવાસ રાહત હેઠળની મુસાફરી રેલવે કે અન્ય જાહેર વાહનો દ્વારા જ કરવાની જોગવાઇ છે. આ જોગવાઇમાં આંશિક છૂટછાટ આપવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી. કાળજીપૂર્વકની વિચારણાના અંતે નીચે મુજબની છૂટછાટ આપવાનું સરકારે ઠરાવેલ છે.

૧) ફરજ પરની મુસાફરી પોતાની કાર દ્વારા કરી શકતા હોય અને રેલવેથી સંકળાયેલા સ્થળો વચ્ચેની મુસાફરી માટે પણ પૂર્ણ દરે રોડ માઇલેજ આકારી શકતા હોય તેવા જ અધિકારીઓ રજા પ્રવાસ હેઠળની મુસાફરી પોતાની માલીકીના વાહન કે ખાનગી ટેક્ષી દ્વારા કરી શકશે.

૨) આવી મુસાફરી માટે તેમણે કરેલ ખરેખર માઇલેજ ખર્ચ ટેક્ષી ભાડું અથવા તો મળવાપાત્ર રેલવે ભાડું એમાંથી જે ઓછી રકમ હોય તે મળવા પાત્ર થશે. આ હેતુ માટે સૌથી ટૂંકા રેલવ માર્ગને ગણત્રીમાં લેવાનો રહેશે''

૩) રેલવે દ્વારા નહી સંકળાયેલા સ્થળો વચ્ચેની મુસાફરી પણ આવા અધિકારીઓ પોતાના માલિકીના વાહન કે ખાનગી ટેક્ષી દ્વારા કરી શકશે. આ માટે સબંધિત અધિકારીને પેટ્રોલ એમ્બેસેડર માટે વખતો-વખત સરકાર દ્રરા નક્કી થયેલ રોડ માઇલેજ મળવાપાત્ર થશે.

ઉપર્યુક્ત છૂટછાટોનો લાભ વતન પ્રવાસ હેઠળની મુસાફરીને પણ લાગુ પડશે. રજા પ્રવાસ રાહત અંગેની અન્ય શરતો યથાવત રહેશે. પડતર કેસો પણ આ ઠરાવની જોગવાઇ અનુસાર વિનિયમિત કરવાના રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

**એલ. એમ. ઓઝા**

ઉપ સચિવ,

નાણા વિભાગ.

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી,

(પાછળ...)

માન. મંત્રીશ્રીઓ , રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ અને નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.

- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ,ગાંધીનગર
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર

સચિવાલયના સર્વે વિભાગો.

સર્વે ખાતાના વડાઓ / કચેરીના વડાઓ.

એકાઉન્ટન્ટ જનરલ (એ.એન્ડ ઇ) ગુજરાત , રાજકોટ, અમદાવાદ

એકાઉન્ટન્ટ જનરલ (ઓડિટ) ગુજરાત, રાજકોટ, અમદાવાદ

મુકામ તપાસણી અધિકારી, અમદાવાદ / ગાંધીનગર

પગાર અને હિસાબ અધિકારી, અમદાવાદ / ગાંધીનગર

નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, અમદાવાદ / સર્વે જિલ્લા સહાયક નિરીક્ષકો.

સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ / સર્વે પેટા તિજોરી અધિકારીશ્રીઓ

નાણા વિભાગની સર્વે શાખાઓ / સર્વે અધિકારીશ્રીઓ

પસંદગી ફાઇલ , ચ- શાખા

‘‘બ ’’ વર્ગ વહેંચણી

---

- પત્ર દ્વારા